## રે.દિ.મુ.નં.૦૩/૨૦૧૮

<u>આંક–૦૫ લગત હુકમ:–</u>

(૧) વાદી દ્વારા હાલનો દાવો વારસાઈ હક્ક ઠરાવી આપવા, દસ્તાવેજને રદ કરાવવા તેમજ જાહેરાત તથા કાયમી મનાઈ હુકમ કરવા સારુ દાખલ કરેલ છે. તેમજ ઉક્ત દાવા અનુસંધાને આંક–૦૫થી દીવાની કાર્યરીતિ સંહિતા હુકમ–૩૯, નિયમ ૧,૨ હેઠળ મનાઈ હુકમ મેળવવા હાલની અરજી રજૂ રાખેલ છે. હાલના કામે લેખીત દલીલો તેમજ તે લગત રજુ ચુકાદાઓ માનસહ વંચાણે લીધા.

(૨) વાદી દ્વારા હાલના દાવામાં સને ૧૯૯૨ તથા સને ૧૯૯૭ માં કરી આપવામાં આવેલ કુલમુખત્યારનામું તેમજ સને ૨૦૦૧ માં કરી આપવામાં આવેલ હક્ક ઉઠાવ્યાનો કરાર તેમજ સને ૨૦૦૫ માં કરી આપવામાં આવેલ વેચાણ દસ્તાવેજ રદ કરવાની અરજ ગુજારતો દાવો તા.૧૯.૦૨.૨૦૧૮ના રોજ રજૂ રાખેલ છે.

(૩) હાલના દાવાની તથા પ્રસ્તુત વચગાળાના મનાઈ હુકમની અરજી લગત પ્રતિવાદીને નોટિસની બજવણી થતા તેઓ હાજર થતા પોતપોતાનો લેખિત જવાબ રજૂ રાખેલ છે.

(૪) હાલના કામે વાદી દ્વારા વચગાળાનો મનાઈ હુકમ મેળવવા અરજી રજૂ રાખેલ હોય ત્યારે અત્રેની અદાલત પાસે ન્યાય નિર્ણય અર્થે એ પ્રશ્ન રહેલ છે કે,

- શું વાદીનો વચગાળાનો મનાઈ હુકમ મેળવવાનો પ્રથમ દર્શનીય કેસ છે ?
- શું અગવડ સગવડની સમતુલા વાદીના તરફેણમાં છે ?
- શું મનાઈ હુકમ નહીં આપવાથી વાદીને નાણાંમાં ભરપાઈ ન થાય તેવું નુકસાન થવું સંભવ છે ?

(૫) વચગાળાના મનાઈના તબક્કે અદાલતે પક્ષ નિવેદન તથા રજૂ દસ્તાવેજો ઉપર આધાર રાખી નિર્ણય કરવાનો રહે છે ત્યારે અત્રે એ હકીકત નોંધનીય બને છે કે, વાદી દ્વારા જે દસ્તાવેજોને પડકારવામાં આવેલ છે તે પૈકી સૌથી છેલ્લો દસ્તાવેજ પણ સને ૨૦૦૫ માં થવા પામેલ છે. તેમજ વાદી દ્વારા તેમની દાવા અરજીમાં દાવા અંગેનું કારણ તા.૦૧.૧૨.૨૦૧૭ના રોજ વાદગ્રસ્ત મિલકતની નકલ કઢાવતા તેમને દાવા અરજી તથા મનાઈ અરજીમાં જણાવેલ વ્યવહારો/દસ્તાવેજો અંગે જાણ થવા પામેલાનું દર્શાવેલ છે. જે હકીકત ધ્યાને લેતા વાદગ્રસ્ત મિલકતને દીવાની કાર્યરીતિ



**સહી/–**

સંહિતા હુકમ–૩૯, નિયમ–૧,૨ માં જણાવ્યા મુજબનો કોઈ તાત્કાલિક ભય હોય તેમ જણાઈ આવતું નથી.

આ ઉપરાંત, મિલકત હસ્તાંતરણ અધિનિયમની કલમ–૫૨ ની જોગવાઈઓ અત્રે નોંધવી જરૂરી જણાય છે. મિલ્કત હસ્તાંતર અધિનીયમની કલમ (૫૨) ની જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

S.52 Transfer of property pending suit relating thereto

During the 1[pendency] in any Court having authority 2[3[within the limits of India excluding the State of Jammu and Kashmir] or established beyond such limits] by 4[the Central Government] 5[* * *] of 6[any] suit or proceedings which is not collusive and in which any right to immoveable property is directly and specifically in question, the property cannot be transferred or otherwise dealt with by any party to the suit or proceeding so as to affect the rights of any other party thereto under any decree or order which may be made therein, except under the authority of the Court and on such terms as it may impose.

[Explanation.—For the purposes of this section, the pendency of a suit or proceeding shall be deemed to commence from the date of the presentation of the plaint or the institution of the proceeding in a Court of competent jurisdiction, and to continue until the suit or proceeding has been disposed of by a final decree or order and complete satisfaction or discharge of such decree or order has been obtained, or has become unobtainable by reason of the expiration of any period of limitation prescribed for the execution thereof by any law for the time being in force.]

ઉકત જોગવાઈઓ ધ્યાને લેતા પણ વાદીને પૂરતું રક્ષણ મળી રહે તેમ જણાઈ આવે છે. આમ, સને ૧૯૯૨ થી ૨૦૦૫ દરમ્યાન થવા પામેલ વ્યવહારોને વાદી દ્વારા સૌપ્રથમ વખત સને ૨૦૧૮ માં પડકારવામાં આવેલ હોય ત્યારે ઉપર ચર્ચા કર્યા મુજબ વાદીનો મનાઈ હુકમ મેળવવા સારુ કોઈ પ્રથમ દર્શનીય કેસ હોય તેમ જણાઈ આવતું નથી.

વધુમાં, પ્રતિવાદી નં.૧૩ થી ૧૮ નાઓ કિંમતી અવેજ ચૂકવી વાદગ્રસ્ત મિલકતના માલિક બનેલ હોવાનું હાલના તબ્બકે જણાઈ આવતું હોય ત્યારે મનાઈ હુકમ આપવામાં આવે તો તેઓને



**સહી/–**

તેમની મિલકતના ઉપભોગમાં તકલીફ પડે તેમ જણાઈ આવે છે ત્યારે અગવડ સગવડની સમતુલા પણ વાદીની તરફેણમાં ન હોવાનું સ્પષ્ટપણે ફલિત થાય છે.

વધુમાં, વાદી હાલ વિદેશ મુકામે વસવાટ કરતા હોય તેમજ પ્રતિવાદી નં.૧૩ થી ૧૮ નાઓએ કિંમતી અવેજ ચૂકવી મિલકતને ખરીદેલાનું જણાતું હોય ત્યારે મનાઈ આપવાથી પ્રતિવાદીઓને મિલ્કતના ઉપભોગમાં અગવડ પડે તેમ જણાઈ આવે છે. આ ઉપરાંત વાદીનું હિત મિલ્કત હસ્તાંતર અધિનીયમની જોગવાઈઓથી સુરક્ષીત હોય અને જો દાવાના આખરી નિકાલ સમયે વાદી જો સફળ થાય તો તેવો પોતાના હિસ્સા ઉપરાંત અન્ય આનુસાંગીક લાભ મેળવવા હકકદાર રહેશે તેમ હોય તે સંજોગોમાં પણ હાલની મંજુર કરવી ન્યાયોચીત જણાતુ નથી.

(૬) આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ વાદીની તરફેણમાં મનાઈ અંગેનો કોઈપણ સિદ્ધાંત ન હોય તે સંજોગોમાં ન્યાય નિર્ણય અર્થે ઉત્પન્ન થયેલ તમામ પ્રશ્નોનો જવાબ આથી નકારમાં ઠરાવવામાં આવે છે. ઉપરોક્ત ચર્ચાને અંતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

૧. વાદીની આંક–૦૫ ની વચગાળાની મનાઈ અરજી આથી નામંજૂર યાને રદ કરવામાં આવે છે.

૨. હાલની અરજીનો ખર્ચ દાવાના પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ ૦૨જી ઑગસ્ટ, ૨૦૨૨ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૨.૦૮.૨૦૨૨
સ્થળ: પલસાણા

હાર્દિક સાગરભાઈ દેસાઈ,
(અધિક) જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
પલસાણા
જજ કોડ:જીજે ૦૧૫૨૬



**સહી/–**